# લઠ્ઠાકાંડમાં મૃત્યુ આંક ૮, ૩૧ સારવાર હેઠળ

**બેદરકારી** બદલ ભાવનગર જિલ્લા એલસીબી-વરતેજ પીઆઈ સહિત ૭ પોલીસકર્મી સસ્પેન્ડ

ગાંધીનગરઃ ભાવનગર જિલ્લામાં નકલી દારૂના સેવનથી સર્જાયેલા લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક વધીને ૮ થયો છે, જ્યારે ૩૧ લોકો હજુ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. સમગ્ર પ્રકરણની ગંભીરતાને પગલે રાજ્ય પોલીસ વડાના આદેશથી તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી છે. કેસમાં અત્યાર સુધી ઝડપાયેલા ૧૩ આરોપીઓના રિમાન્ડ મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે. બીજી તરફ ફરજમાં બેદરકારી બદલ ભાવનગર જિલ્લા એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર અને વરતેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિત પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. લૉ એન્ડ ઓર્ડર આઈજીપી મકરંદ ચૌહાણે જણાવ્યું હતું કે ભાવનગર જિલ્લામાં બનેલી ઘટનામાં અત્યાર સુધીમાં ૮ નાગરિકોના મૃત્યુ થયા છે. ૩૧ નાગરિકો જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે, જેમાં એક દર્દી સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે.

### તપાસનો ધમધમાટ હવે એસએમસીના હાથમાં

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને રાજ્ય પોલીસ વડાના આદેશથી સમગ્ર કેસની ઊંડાણપૂર્વકની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી છે. ભરતનગર અને વરતેજ પોલીસ સ્ટેશન ખાતે ગુના સંદર્ભે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી તપાસ હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં ઝડપાયેલા ૧૩ જેટલા આરોપીઓના રિમાન્ડ મેળવવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે.

### બેદરકારી બદલ પોલીસ સામે કડક પગલાં

લઠ્ઠાકાંડ બાદ ફરજમાં બેદરકારી દાખવનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્ય પોલીસ વડા દ્વારા ભાવનગર જિલ્લા એલસીબીના પોલીસ ઇન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે ભાવનગર રેન્જ આઈજી દ્વારા વરતેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરને ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### વરતેજના ડી-સ્ટાફના ત્રણ કર્મચારી પણ સસ્પેન્ડ

ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા વરતેજ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના ત્રણ કર્મચારીઓ અને સ્થાનિક બીટ જમાદારને પણ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નીલમબાગ પોલીસ સ્ટેશનના એક મહિલા જમાદાર સામે પણ સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. લઠ્ઠાકાંડની તપાસ આગળ વધે તેમ બેદરકારી કે જવાબદારી નક્કી થાય તેવા અન્ય પોલીસ અધિકારી-કર્મચારીઓ સામે પણ કાર્યવાહી થવાની શક્યતા છે.

## ભાવનગર લઠ્ઠાકાંડમાં 13 આરોપીના 10 દિવસનાં રિમાન્ડ મંજૂર

ગાંધીનગરઃ ભાવનગરના લઠ્ઠાકાંડમાં સંડોવાયેલા આરોપીઓ પૈકીના ધરપકડ કરાયેલા 13 આરોપીઓને આજે ભાવનગર કોર્ટમાં રજુ કરી તેમના રીમાન્ડની માગણી કરતા તપાસનીશ અધિકારીએ રજુઆત કરી હતી કે, દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલા કાચા મટીરિયલના સ્ત્રોતથી લઈને તૈયાર થયેલી દારૂ સુધીની કડી શોધાવાની છે. કયા ઝેરી કેમિકલનો ઉપયોગ થયો હતો તેની વૈજ્ઞાનિક તપાસ ઉપરાંત કાચું મટીરિયલ કોણે, ક્યાંથી અને કેવી રીતે પહોંચાડ્યું હતું તથા ગુનો કર્યા બાદ પુરાવાનો નાશ કરવામાં કોણ સંડોવાયેલું હતું તેની પણ ઊંડાણપૂર્વક તપાસ કરવાની છે. તપાસમાં અન્ય આરોપીઓની સંડોવણી બહાર લાવવા તેમજ સમગ્ર ગેરકાયદેસર નેટવર્કની કડીઓ જોડવા માટે મુખ્ય આરોપીઓની હાજરીમાં પૂછપરછ જરૂરી છે. આ રજુઆતના પગલે કોર્ટે તમામ 13 આરોપીઓના 10 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ દ્વારા આરોપીઓ વિરુદ્ધ પુરાવાનો નાશ કરવા સહિતની ગંભીર કલમો ઉમેરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી રહી છે. લઠ્ઠાકાંડ બાદ પુરાવા છુપાવવા કે નષ્ટ કરવામાં કોઈએ મદદ કરી હતી કે કેમ અને જો કરી હોય તો તેમાં કોની ભૂમિકા હતી તેની પણ તપાસ કરવામાં આવશે. આરોપીઓના પરિવારના સભ્યો અથવા અન્ય કોઈ વ્યક્તિએ ગુનામાં મદદગારી કરી હોવાની વિગતો બહાર આવે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવાની દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવશે.

### ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમા પાસે સમારકામની કામગીરી



■ કાંકરિયા અનુપમ બ્રિજ પાસે આવેલી ડો. શ્યામપ્રસાદ મુખર્જીની પ્રતિમાની આસપાસ બ્યુટિફિકેશનની કામગીરી હેઠળ સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. **(તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)**

## લઠ્ઠાકાંડમાં મુખ્ય સૂત્રધાર રઈસ ઈન્દોરથી પકડાયો, કુલ 13 પકડાયા

**21 આરોપી** સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, વરતેજમાંથી વધુ છ પકડાયા

ગાંધીનગરઃ ભાવનગરમાં નકલી દારૂકાંડ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલ, તથા લોકલ ક્રાઈમ બ્રાંચએ તપાસનો ધમધમાટ તેજ કરતાં અત્યાર સુધીમાં 21 શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાથી 13 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર કૌભાંડના મુખ્ય સૂત્રધાર રઈસને એસએમસીની ટીમે મધ્યપ્રદેશના ઈન્દોરથી ઝડપી પાડ્યો હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વધુ 6 શખ્સોને અટકાયતમાં મોડી રાત સુધી પોલીસે બૂટલેગરોના સંભવિત ઠેકાણાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધરી તપાસનો દોર લંબાવ્યો હતો.

ભાવનગરના નકલી દારૂકાંડને પગલે એસએમસી અને એલસીબી, સ્થાનિક પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા સમગ્ર ગેરકાયદેસર નેટવર્કની કડીની તપસા કરતાં મુખ્ય સૂત્રધાર મનાતા રઈસને મધ્યપ્રદેશના ઈન્દોરથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસે અત્યાર સુધીમાં 21 શખ્સો સામે ગુનો નોંધ્યો છે, જેમાંથી 13 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. વધુમાં વરતેજ પોલીસ સ્ટેશનની હદમાંથી 6 શખ્સોને શંકાના આધારે અટકાયતમાં લઈ પોલીસની ટીમ દ્વારા તેમની ભૂમિકા અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે નકલી દારૂના કૌભાંડ સાથે સંકળાયેલા બૂટલેગરોના ઠેકાણાઓ પર મોડી રાત સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. તપાસ દરમિયાન નકલી દારૂના ઉત્પાદન, સંગ્રહ અને વિતરણ સાથે સંકળાયેલી કડીઓ શોધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સમગ્ર નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને નકલી દારૂ ક્યાંથી તૈયાર કરવામાં આવતો હતો તે સહિતના મુદ્દે પણ પોલીસ તપાસ આગળ વધી રહી છે.

## ઈથેનોલ અને મિથેનોલના મિશ્રણથી નકલી દારૂ બનાવવામાં આવ્યો હતો

**મુખ્ય** સૂત્રધાર રઈસ દોઢ મહિનાથી કોમ્પ્રોમાઈઝ લીકર બનાવતો હતો

**ગૌતમના** ઘરે તૈયાર થતો દારૂ, નકલી સ્ટિકર પણ લગાવવામાં આવતાં હોવાનો ખુલાસો

ગાંધીનગરઃ ભાવનગર જિલ્લામાં ચકચાર મચાવનાર નકલી દારૂકાંડની સ્ટેટ મોનિટરિંગ સેલની તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે. દારૂનું સેવન કરનારા વ્યક્તિના લોહીના નમૂનાની એફએસએલ તપાસમાં મિથેનોલ મળી આવતા નકલી દારૂ બનાવવામાં ઈથેનોલ અને મિથેનોલનું મિશ્રણ કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી મયુરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 13 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને મુખ્ય સૂત્રધાર મનાતા રઈસની પ્રાથમિક પૂછપરછમાં તે છેલ્લા દોઢ મહિનાથી ભાવનગર સહિતના વિસ્તારોમાં રહી નકલી દારૂ બનાવવાની પ્રવૃત્તિ કરતો હોવાનો ખુલાસો થયો છે. રઈસ સાથે ગૌતમ અને સારસ નામના શખ્સો પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ કૌભાંડમાં રઈસ સાથે ગૌતમ અને સારસ નામના શખ્સોની સંડોવણી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. નકલી દારૂનું ઉત્પાદન ગૌતમના ઘરે કરવામાં આવતું હોવાની પણ માહિતી મળી છે. દારૂ તૈયાર કર્યા બાદ તેને બજારમાં અસલી દેખાડવા માટે બોટલો પર લગાડવામાં આવતા સ્ટીકર પણ નકલી હોવાનું સામે આવ્યું છે. આ નકલી સ્ટીકર ક્યાં બનાવવામાં આવ્યા હતા અને તેને કોણે તૈયાર કરાવ્યા હતા તે અંગે એસએમસી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### નકલી દારૂ બનાવનારે જ પહેલા પીધો હતો, મૃતદેહ મધ્યપ્રદેશ લઈ જવાયો

દરમિયાન તપાસમાં નરેન્દ્ર નામના વ્યક્તિને લઈને પણ મહત્વની વિગતો સામે આવી છે. તપાસ મુજબ, નકલી દારૂ બનાવવામાં સંડોવાયેલા નરેન્દ્રએ પ્રથમ પોતે જ તૈયાર કરાયેલો દારૂ પીધો હતો. દારૂ પીધા બાદ તેની તબિયત લથડતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, નરેન્દ્રના પરિવારજનો તેનો મૃતદેહ મધ્યપ્રદેશ લઈ ગયા હોવાનું સામે આવતા હવે પોલીસ આ મામલે પણ તપાસ કરી રહી છે. નરેન્દ્રનો મૃતદેહ હોસ્પિટલમાંથી પરિવારજનોને કેવી રીતે અને કોના કહેવાથી સોંપવામાં આવ્યો હતો તે અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. નકલી દારૂમાં મિથેનોલ મળી આવ્યાની એફએસએલ તપાસ બાદ હવે સમગ્ર કૌભાંડમાં ઉપયોગમાં લેવાયેલા કાચા મટીરિયલ, દારૂ બનાવવાની પદ્ધતિ, નકલી સ્ટીકર તૈયાર કરનારાઓ, દારૂના ખરીદદાર તથા વિતરણ નેટવર્ક સુધી પહોંચવા એસએમસી દ્વારા તપાસ વધુ તેજ કરવામાં આવી છે.

3.33 લાખ મુસાફરોના ધસારાને પહોંચી વળવા

## રક્ષાબંધને એસટી બસની ૬૫૦૦ વધારાની ટ્રિપ દોડાવવામાં આવશે

**અમદાવાદ**, વડોદરા, સુરત, રાજકોટ, ગોધરા, પાલનપુર, નડિયાદ, વલસાડથી વધુ ટ્રિપો દોડશે

ગાંધીનગરઃ રક્ષાબંધનના તહેવાર દરમિયાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્યભરમાં ૬૫૦૦ જેટલી વધારાની બસ ટ્રીપ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તા. ૨૬થી ૩૦ ઓગસ્ટ દરમિયાન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગોધરા, પાલનપુર, નડિયાદ સહિતના મુખ્ય શહેરો ઉપરાંત પાવાગઢ, જુનાગઢ, પોરબંદર અને વલસાડ જેવા પ્રવાસન તથા તીર્થધામોના રૂટ પર વધારાની બસો દોડાવવામાં આવશે. મુસાફરીમાં અગવડ ન પડે તે માટે નિગમે એડવાન્સ બુકિંગ સહિતની વ્યવસ્થા પણ ગોઠવી છે.

### ગત વર્ષે ૬૪૦૨ વધારાની ટ્રીપ દોડી હતી

ગત વર્ષે રક્ષાબંધન દરમિયાન નિયમિત બસ સેવા ઉપરાંત નિગમ દ્વારા ૬૪૦૨ વધારાની ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વધારાની બસ સેવાનો આશરે ૩.૩૩ લાખ મુસાફરોએ લાભ લીધો હતો. મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને ચાલુ વર્ષે ગત વર્ષની સરખામણીએ વધુ ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. રક્ષાબંધન દરમિયાન મુસાફરોની વધુ અવરજવર રહે તેવા રૂટ પર વધારાની બસો ફાળવવામાં આવશે. અમદાવાદ, ગોધરા, વડોદરા, પાલનપુર, નડિયાદ, સુરત, રાજકોટ, જુનાગઢ, પોરબંદર અને વલસાડ સહિતના શહેરો ઉપરાંત પાવાગઢ જેવા તીર્થ અને પ્રવાસન સ્થળો તરફ પણ વધારાની બસો દોડાવવામાં આવશે. મુસાફરોને છેલ્લી ઘડીએ બસ મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે નિગમ દ્વારા એડવાન્સ બુકિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. રક્ષાબંધનના દિવસોમાં મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને જરૂરિયાત મુજબ વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે. નિગમે મુસાફરોને વિશેષ પરિવહન સેવાનો મહત્તમ લાભ લેવા અપીલ કરી છે.

## ભાવનગર લઠ્ઠાકાંડની તપાસ હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં કરાવોઃ કોંગ્રેસ

**ભાવનગર** લઠ્ઠાકાંડની સ્થળ તપાસ માટે કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ આજે ભાવનગર જશે

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવામાં ભાજપ સરકાર નિષ્ફળ રહી છે. હપ્તાખોરીના કારણે દારૂ-ડ્રગ્સનું ગેરકાયદેસર નેટવર્ક ફૂલીફાલી રહ્યું છે. જેના કારણે ગુજરાતમાં વારંવાર દારૂકાંડ- લઠ્ઠાકાંડ જેવી ઘટનાઓ બની રહી છે. ભાવનગર લઠ્ઠાકાંડની હાઈકોર્ટના સિટિંગ જજના નેતૃત્વમાં SIT મારફતે નિષ્પક્ષ તપાસ કરાવવાની, તેમજ રાજ્યમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર હોવાથી કાયદો-વ્યવસ્થાની નિષ્ફળતા બદલ ગૃહમંત્રીએ તાત્કાલિક રાજીનામું આપવાની પ્રદેશ કોંગ્રેસએ માગ કરી છે. પ્રદેશ કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ આવતીકાલે ભાવનગરની મુલાકાત લઈ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ તપાસ કરી, સમગ્ર ઘટનાની હકીકત, જવાબદાર લોકો તથા પોલીસ-વહીવટી તંત્રની ભૂમિકા અંગે માહિતી મેળવી અહેવાલ તૈયાર કરશે. આવનારા વિધાનસભા સત્રમાં મુદ્દો ઉઠાવી સરકારને જવાબદાર ઠેરવવામાં આવશે. સાથે જ ગૃહમંત્રીના રાજીનામાની માગણી પણ કોંગ્રેસ વિધાનસભામાં ઉઠાવશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુથ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે પોલીસની FIRમાં ઝેરી કેમિકલયુક્ત લઠ્ઠાના કારણે લોકોનાં મોત થયાની વિગતો નોંધાઈ છે. ફરિયાદમાં ડુપ્લિકેટ દારૂ બનાવવા માટે મિથેનોલ અમદાવાદના સરખેજથી ટ્રાન્સપોર્ટ મારફતે ભાવનગર સુધી લઈ જવાયું હોવાની વિગતો હોવાનો ઉલ્લેખ કરાયો છે. દારૂ બનાવવા માટે જરૂરી મિથેનોલ ક્યાંથી આવ્યું, ક્યાં સ્ટોર થયું, કેટલો જથ્થો લાવવામાં આવ્યો અને ક્યાં સપ્લાય કરવામાં આવ્યો તેની વિગતો લોકોનાં મોત થયા બાદ જ પોલીસને કેમ મળી? આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અંગે અગાઉથી પોલીસ અને વહીવટી તંત્રને જાણ કેમ ન થઈ અને તેને અટકાવવામાં કેમ નિષ્ફળતા રહી તે અંગે પણ તપાસ થવી જોઈએ.

### SP, રેન્જ IG અને DGPની જવાબદારી નક્કી થવી જોઈએ

અમિત ચાવડાએ જણાવ્યું હતું કે દારૂબંધીનો કાયદો હોવા છતાં સરહદો પરથી કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં આવે તો તેની જવાબદારી કોની? માત્ર જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓને જવાબદાર ઠેરવીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. SP, રેન્જ IG અને DGPની જવાબદારી નક્કી થવી જોઈએ.

### હર્ષ સંઘવી "તમે માત્ર ખેલ મંત્રી નહીં, ગૃહમંત્રી પણ છો.", રાજીનામું આપો

"તમે માત્ર ખેલ મંત્રી નહીં, ગૃહમંત્રી પણ છો."ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની તેમજ દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવાની જવાબદારી ગૃહમંત્રીની હોય છે, તો આપની આ જવાબદારી નિભાવવામાં નિષ્ફળતા બદલ તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ.

## સુરત મેડિકલ કોલેજ રેગિંગમાં માઈક્રોબાયોલોજીના વડા સસ્પેન્ડ

**ડીન** ડો. જયેશ બ્રહ્મભટ્ટને શો-કોઝ નોટિસ અપાઈ

ગાંધીનગરઃ સરકારી મેડિકલ કોલેજમાં પ્રથમ વર્ષના રેસિડેન્ટ તબીબ સ્વ. ડૉ. હર્ષ પંડ્યાના રેગિંગ અને માનસિક ત્રાસ બાદના આપઘાત પ્રકરણમાં રાજ્ય સરકારે વધુ એક કડક કાર્યવાહી કરી છે. રેગિંગની ગંભીર ઘટના રોકવામાં અને ફરજ બજાવવામાં બેદરકારી દાખવવા બદલ માઈક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ના પ્રાધ્યાપક ડૉ. સુમૈયા મુલ્લાને તાત્કાલિક અસરથી ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટને શો કોઝ નોટિસ આપવામાં આવી છે.

આ સાથે જ આ કેસમાં અત્યાર સુધીમાં રેગિંગના આરોપસર ચાર સિનિયર રેસિડેન્ટ તબીબો છ મહિના માટે સસ્પેન્ડ થયા બાદ હવે જવાબદાર ગણાતા પ્રાધ્યાપક સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરાઈ છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ કર્યું છે કે વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે ચેડાં કરનાર કે ફરજમાં ગંભીર બેદરકારી દાખવનાર અધિકારી ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર હોય, તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત બાદ થયેલી તપાસમાં માઈક્રોબાયોલોજી વિભાગના ચાર સેકન્ડ યરના સિનિયર રેસિડેન્ટ તબીબો સામે રેગિંગ અને ગંભીર ગેરવર્તણૂકના આક્ષેપો સામે આવ્યા હતા. ડૉ. નિરાલી વસાવે, ડૉ. અનુજ મહેશ્વરી, ડૉ. દિક્ષિતા ઘેવરિયા અને ડૉ. હિના ભૂતને છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમને છાત્રાલય ખાલી કરવા તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિથી દૂર રહેવાનો પણ આદેશ અપાયો હતો.

### ચાર પ્રાધ્યાપકોને કારણદર્શક નોટિસ

પ્રાથમિક તપાસ બાદ માઇક્રોબાયોલોજી વિભાગના વડા સહિત ચાર પ્રાધ્યાપકોને કારણદર્શક નોટિસ પણ ફટકારવામાં આવી હતી. તેમાં ડો. સુમૈયા મુલ્લા ઉપરાંત ડો. સંગીતા રાજડે, ડો. યોગિતા મિસ્ત્રી અને ડો. લતિકા પુરોહિતનો સમાવેશ થતો હતો. હવે ડો. સુમૈયા મુલ્લા સામે ૯૦ દિવસના સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે.

### વડોદરા રહેશે સસ્પેન્ડ પ્રોફેસરનું મુખ્ય મથક

સસ્પેન્શનના સમયગાળા દરમિયાન ડો. સુમૈયા મુલ્લાનું મુખ્ય મથક સરકારી મેડિકલ કોલેજ, વડોદરા રહેશે. સક્ષમ નિયંત્રક અધિકારીની લેખિત મંજૂરી વિના તેઓ વડોદરા સ્થિત મુખ્ય મથક છોડી શકશે નહીં. સસ્પેન્શન દરમિયાન ખાનગી નોકરી કે કોઈ પણ પ્રકારનો વ્યવસાય પણ કરી શકશે નહીં. આ શરતોનો ભંગ થાય તો મળવાપાત્ર નિર્વાહ ભથ્થું અટકાવવા સહિતની વધારાની શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવશે.

### સુડોકુ ૯૯૦૮ 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ૭ | | ૨ | ૮ | ૧ | ૯ |
| ૯ | ૧ | | | ૪ | | | ૬ | ૩ |
| | ૭ | ૮ | ૯ | ૬ | ૧ | | | ૫ |
| | | | | | ૪ | | ૭ | ૬ |
| ૪ | ૨ | ૭ | ૬ | ૯ | ૩ | | ૫ | |
| | | | ૧ | ૮ | ૭ | | ૩ | ૪ |
| ૨ | | ૪ | ૩ | ૭ | ૬ | | | |
| | | ૯ | | | ૫ | ૩ | | ૭ |
| ૭ | | | ૮ | | | ૬ | ૪ | |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

(સુડોકુ ૯૯૦૭ ઉકેલ — printed upside down)

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

**શુક્રવર્ધન**

પીપળા ટેટાં લાવી, સૂકવી ચૂર્ણ બનાવી રાખો. એમાંથી બે ચમચી રોજ દૂધ સાથે પીવું. બળ વધશે.

## રાજ્યભરમાં રેસ્ટોરન્ટ્સ સામે તંત્રની તવાઈ, ૧૩૭ રેસ્ટોરન્ટ બંધ, ૬ સીલ

**સુરતના** વરાછા ફૂડ પોઇઝનિંગમાં બાળકીના મોત બાદ આરોગ્ય વિભાગની સ્પેશિયલ ડ્રાઈવ

**૧૮૭** રેસ્ટોરન્ટમાં તપાસ, ૪૦ને સુધારણા નોટિસ, ચારનાં લાઇસન્સ સસ્પેન્ડ

ગાંધીનગરઃ સુરતના વરાછામાં ફૂડ પોઇઝનિંગની ઘટનામાં પાંચ વર્ષની બાળકીના મોત બાદ રાજ્યના આરોગ્ય તંત્રએ રેસ્ટોરન્ટ્સમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાને લઈને રાજ્યવ્યાપી તવાઈ બોલાવી છે. આરોગ્ય વિભાગની સ્પેશિયલ ડ્રાઈવ હેઠળ રાજ્યભરમાં ૧૮૭ રેસ્ટોરન્ટ્સમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી, જેમાં ગંભીર કક્ષાની અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જણાતાં ૧૩૭ રેસ્ટોરન્ટ્સને તાત્કાલિક બંધ કરાવી દેવામાં આવ્યા છે. નિયમોનો ભંગ કરનાર વધુ છ રેસ્ટોરન્ટ્સને સીલ કરાયા છે, જ્યારે ૪૦ રેસ્ટોરન્ટ્સને ખામીઓ દૂર કરવા સુધારણા નોટિસ અને ચારના લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જાહેર આરોગ્યની સુરક્ષા માટે ચાલી રહેલી કાર્યવાહી અંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગાંધીનગરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન હાથ ધરાયેલી તપાસ અને કાર્યવાહી અંગે વિગતો મેળવવામાં આવી હતી. મંત્રીએ જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનાર રેસ્ટોરન્ટ સંચાલકો સામે કડક કાર્યવાહી ચાલુ રાખવા સૂચના આપી હતી.

### રાજકોટમાં પાંચ, નડિયાદમાં ત્રણ રેસ્ટોરન્ટ સીલ

તપાસ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં નિયમોનો ભંગ કરનારી બે રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં વધુ એક અને નડિયાદ જિલ્લામાં ત્રણ રેસ્ટોરન્ટ સામે સીલની કાર્યવાહી કરવામાં આવતાં કુલ છ રેસ્ટોરન્ટને સીલ કરાયા છે. ગંભીર ખામીઓ ધરાવતી અન્ય ૪૦ રેસ્ટોરન્ટ્સને ખામીઓ સુધારવા માટે સુધારણા નોટિસ આપવામાં આવી છે.

### સુરતમાં ૨૪૩ સ્થળે તપાસ, ૫૪૮ કિલો અખાદ્ય ખોરાકનો નાશ

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના ખોરાક સલામતી અધિકારીઓ અને સ્વચ્છતા કર્મચારીઓની સંયુક્ત ટીમોએ શહેરના તમામ ઝોનમાં ૨૦૯ હોટેલ-રેસ્ટોરન્ટ અને ૩૪ ઢાબામાં સઘન તપાસ હાથ ધરી હતી. રસોડાની સ્વચ્છતા, વાસી ખોરાક, તબીબી તંદુરસ્તી પ્રમાણપત્ર અને દૂધ-દૂધની બનાવટોના દર્શનપટ્ટ સહિતની ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૫૪૮ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરાયો હતો. ૧૨૮ને નોટિસ, રૂ. ૪.૪૩ લાખનો દંડ સુરતમાં તપાસ દરમિયાન ૧૨૮ હોટેલ-રેસ્ટોરન્ટને નોટિસ ફટકારવામાં આવી હતી અને રૂ. ૪,૪૩,૮૦૦નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. સ્વચ્છતા અને અન્ય ગંભીર ખામીઓ જણાયેલી ૪૩ હોટેલ-રેસ્ટોરન્ટને તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવી છે.

### આજનું પંચાંગ

**તા. 21/08/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : શ્રાવણ
**તિથિઃ** સુદ: નોમ: 23:37, જીવંતિકા પૂજન
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક** : શ્રાવણ: 30
**યોગ** : વૈધૃતિ **કરણઃ** બાવલ
**નક્ષત્ર** : અનુરાધા: 11:53 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી.
**રાશિઃ** વૃશ્ચિક (ન,ય)
**દિવસ** : અશુભ - શ્રી હરિ જયંતી, બગીચા નોમ, વરદલક્ષ્મી વ્રત.
**સુરતમાં સૂર્યોદય** : 06:20 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:03
**નવકારસી** : 07:08
**પારસી વર્ષ** : 1396 ફરવરદીન માસનો 7મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448 રબિઉલ અવલ માસનો 7મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુકાળ** : સવારે 10:30 થી 12:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. બહારના કામમાં વડીલોનો સાથ મળે. અચાનક નવી તક મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** દાંપત્ય જીવન રંગીન રહેશે. પ્રેમ-વિવાહમાં મદદ મળે. સમાજ જીવનમાં પ્રતિષ્ઠા વધે. રોજની આવક વધે.
**મિથુન (ક,છ,ઘ,):** સરકારી કામમાં મદદ મળે. બેંકનાં કામમાં ધીરજ રાખવી. હરીફોથી સાવધાન રહેવું. નવા કામની તક મળે.
**કર્ક (ડ,હ,):** પ્રેમમાં આત્મવિશ્વાસ વધે. નવા મિત્રોથી સાવધાન. સંતાન-જીવન સાથીના કામમાં પ્રગતિ થાય. આવક વધે.
**સિંહ (મ,ટ,):** ઘરમાં અવર-જવર વધશે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. સરકારી યોજનાનો લાભ મળે.
**કન્યા (પ,ઠ,ણ,):** ઉત્સાહજનક સમાચાર મળે. પ્રવાસ અને ટેકનોલોજીના કામમાં પ્રગતિ. દલાલીની આવક વધે.
**તુલા (ર,ત,):** પારિવારિક ધંધા, ખાણી, પીણી, મોજ-શોખ અને બૌદ્ધિક કાર્યમાં આવક વધે. નવી તક મળે.
**વૃશ્ચિક (ન,ય,):** મન અતિ ચંચળ અને અસ્થિર રહે. ઘરનાં કામનો બોજ વધે. મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાથી શાંતિ મળે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ મળે.
**મકર (ખ,જ,):** મિત્રોની મદદ સામાજિક કામથી શાંતિ મળે. સંતાનોના પ્રશ્નો સતાવે. શેર બજારના કામમાં ધીરજ રાખવી.
**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધારવાની યોજના પાર પડે. સામાજિક કાર્યોથી માન વધે. અચાનક શુભ સમાચાર મળે.
**મીન (દ,ચ,ઝ,થ,):** વિદ્યાભ્યાસ, વિદેશ પ્રવાસ ધાર્મિક સાહિત્યને લગતા કામમાં ભાગ્યનો સાથ મળે.

### કોઈ પણ સાલમાં 21 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ નવી તકો ઊભી કરનાર રહેશે. ચાલુ નોકરીમાં પ્રગતિ, ટેકનોલોજીનો લાભ અને નવા ફેરફાર સાથે જવાબદારી વધશે. સમાજમાં માન વધે. ઉંમર લાયકના વિવાહ થાય. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશના કામ પાર પડે. પ્રેમ ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનો કામ પાર પડે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વડીલોની મદદ મળે. આરોગ્ય સામાન્ય રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. વર્ષ દરમિયાન હરીફોથી હેરાનગતિનો અનુભવ વધશે. ફેબ્રુઆરી, માર્ચ, નવેમ્બર, ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર 03, 12, 21, 30 તારીખે નવા કામ કરવો. જૂન, જુલાઇ, રવિ-બુધવાર 02,11,20,29 તારીખે નવા કામ ટાળવા. પીળો, સોનેરી, જાંબલી રંગ વધુ વાપરવો. લાલ, નીલા રંગનો ઉપયોગ ટાળવો.